ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# આજે નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડસ દિવસ

## દેશના જવાનો બાહ્ય અને આંતરિક સુરક્ષામાં હંમેશા ખડે પગે : નાગરિકોએ પણ સુરક્ષા તાલીમ લઈ જવાનો સાથે ખભેખભા મિલાવી નાગરિક સંરક્ષણમાં સહકાર આપવો જોઈએ

ગાંધીનગર, તા. ૫

દેશભરમાં તા. ૬ઠ્ઠી ડિસેમ્બર નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ભારતની સીમા સુરક્ષા માટે ભૂમિદળ,



વાયુદળ અને નૌકાદળ સરહદી વિસ્તારોમાં સેવાઓ નિભાવે છે પરંતુ દેશની આંતરિક સુરક્ષા માટે હોમગાર્ડઝના જવાનો પણ ખૂબ મહત્વની જવાબદારી નિભાવે છે. આ ઉપરાંત દેશમાં નાગરિક સુરક્ષા અને સંરક્ષણ ક્ષેત્રે દરેક નાગરિકે એનસીસી સ્કાઉટ ગાઈડ કે હોમગાર્ડસ જેવી સંસ્થાઓમાં ફરજિયાત તાલીમ લેવી જોઈએ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાડોશી દેશો સાથે મિત્રતાનો હાથ લંબાવી મદદરૂપ થવાની પહેલ કરી છે જે પ્રસંશનીય છે. પરંતુ આપણા દેશની ભૌગોલિક સ્થિતિ મુજબ આપણે સુરક્ષા બાબતે સ્હેજ પણ બેદરકાર રહીએ તે પાલવે તેમ નથી. દેશના જવાનો રાત દિવસ જોયા વગર તેમની ફરજ નિભાવે છે. જેમાં સીમા સુરક્ષા ઉપરાંત આંતરિક કુદરતી આફતો જેવી કે ભૂકંપ, પૂર, વાવાઝોડુ વગેરે તેમજ સમસ્યાઓ જેમ કે માઓવાદીઓ, ત્રાસવાદીઓ, આંતકવાદીઓ, નકસલવાદીઓ, કોમી હુલ્લડ અને અન્ય રાષ્ટ્ર વિરોધી પ્રૃવત્તિ કરનારાઓ સામે ખંતપુર્વક ખડેપગે રહી સુરક્ષા પુરી પાડે છે. સ્વતંત્ર ભારતના નાગરિક તરીકે આપણે પણ વિવિધ તાલીમ લઈ આ જવાનો સાથે ખભેખભા મિલાવી સામાજીક સુરક્ષા જેવી કે આગ, લૂંટ, ચોરી, મહિલા છેડતી વગેરેનો સામનો કરી શકીએ તો આ જવાનો પ્રત્યે આપણો આદર યોગ્ય રીતે પ્રસ્તુત ગણાશે. આંતરિક સુરક્ષા માટે માર્શલ આર્ટસ કરાટે અને વ્યાયામની પણ તાલીમ લેવી જોઈએ જે દરેક નાગરિક આંતરિક સુરક્ષા માટે આ રીતે તૈયાર થશે ત્યારે આ નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડસ્ દિવસની ઉજવણી સાર્થક ગણાશે.

# સિવિલના નવા સંકુલની પાણીની લાઈનોમાં લિકેજ

## નવા સંકુલમાં અનેકવિધ વિવાદોએ પીઆઈયુની કામગીરી સામે પ્રશ્નાર્થો ઉભા કર્યા છે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નવા સંકુલને વિવાદોનો લૂણો લાગતાં પ્રોજેક્ટ ઈમ્પ્લીમેનટેશન યુનિટની કામગીરી સામે અનેક વિવાદો ઉભા થયા છે.

કોલેજ સંકુલમાંથી ડેબ્રીઝ દૂર કરવા માટેની વારંવારની સૂચનાઓ પછી પણ તંત્રના અધિકારીઓની ઉદાસીનતા, મેડિકલ કાઉન્સીલના ઈન્સ્પેકશન વખતે જ ટાંકી નવા સંકુલમાં તુટી પડવાની ઘટના બાદ હવે નવા સંકુલમાં પાણીની પાઈપલાઈનોના લિકેજીસને લઈ નવો વિવાદ છેડાયો છે.

સિવિલ હોસ્પિટલ સંકુલના નિર્માણનું કાર્ય જે ઝડપથી પૂર્ણ થયું છે અને હવે સંકુલ કાર્યરત કરવા માટેના પ્રયાસો હાથ છેલ્લા તબક્કામાં છે ત્યારે સિફ્ટના પ્રશ્નો પણ વિકટ સમસ્યારૂપે ઉભરી આવ્યા છે.

પ્રોજેકટ યુનિટના અધિકારીઓના બ્હેરા કાને કોઈ ફરિયાદ સંભળાતી હોય તેવુ લાગતુ નથી અને દર્દીઓની હાલાકી વધી રહી છે. આ યુનિટ દ્વારા કોમ્યુનિકેશન પ્લાન પણ હજુ અમલી બનાવવામાં આવ્યો નથી એટલે ત્યાંથી કોઈ જ સંદેશા વ્યવહાર મેઈન સંકુલ સાથે થઈ શકતો નથી. લિફ્ટોના પ્રશ્નો ઉપરાંત નાના-નાના પ્રશ્નો સત્તાવાળાઓ સમક્ષ ફરિયાદના રૂપમાં રોજેરોજ વ્યક્ત થતા રહે છે.

વાઈબ્રન્ટ સમિટની તડામાર તૈયારીના ભાગરૂપે ગાંધીનગરના મુખ્ય માર્ગો પરની સેન્ટ્રલ વર્જ પર લાઈટીંગવાળા બોર્ડની હારમાળા ઉભી કરવામાં આવી છે... આ બોર્ડ રાત્રીની રોશનીમાં વધારો કરે છે...




# ચ-૦ કોબા માર્ગના સેન્ટ્રલ વર્જમાં ગ્રીલનું કલરકામ

## શહેરમાં ફૂટપાથની સાઈડના બ્લોક તેમજ ડીવાઈડરને પણ રંગરોગાન થઈ રહ્યો છે

ગાંધીનગર, તા. ૫

આગામી વાઈબ્રન્ટ સમિટની પૂર્વતૈયારીના દૃશ્યો



ઠેર ઠેર જોવા મળી રહ્યા છે. નગરને ન્યૂ લૂક આપવા રંગરોગાનની કામગીરી તેજ બનાવી દેવાઈ છે. ચ-માર્ગ પરના સરકારી આવાસોને એકસરખો કલરકોડ આપવામાં આવશે જ્યારે મહાનુભાવોની અવર-જવરના રૂટમાં પણ સેન્ટ્રલ વર્જ તેમજ ફેન્સીંગને કલર કરવામાં આવી રહ્યો છે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરના રોડ નેટવર્કને સુધારવા કરોડોનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત બ્યુટીફીકેશન પાછળ પણ કરોડો રૂપિયાનું આંધણ થવાનું છે. જેમાં માર્ગો પર પટ્ટા સેન્ટ્રલવર્જ તેમજ ગ્રીલને કલર સાઈનબોર્ડ લગાવવાનું



કામ પણ હાથ ધરાશે. ચ-૦ થી કોબા માર્ગ ઉપર પણ હાલ સેન્ટ્રલવર્જની ગ્રીલને કલર કરવામાં આવી રહ્યો છે. આ રૂટમાં મહાનુભાવોની અવર જવર વિશેષ થવાની હોવાથી સલામતી ઉપરાંત બ્યુટીફીકેશન પણ જળવાઈ રહે તેનું પણ ધ્યાન કેન્દ્રા કરામાં આવ્યું છે. શહેરમાં પણ સેન્ટ્રલ વર્જના તેમજ ફૂટપાથની સાઈડમાં કલરકામ કરવામાં આવી રહ્યું છે.

# સ્વચ્છતા અભિયાનથી અળગા વનતંત્રની નિરસતા સામે આક્રોશ

## સ્વચ્છ ભારતના અભિયાનને સાર્થક કરવા વન વિભાગ હજુ 'એક્ટીવ મોડ'માં નથી : આરક્ષિત જગ્યામાં દબાણો : માર્ગોની સફાઈ અને રંગરોગાનના અંતે પણ ગંદકીનું વરવુ દૃશ્ય

ગાંધીનગર, તા. ૫

સ્વચ્છ ભારતના અભિયાનને સાર્થક કરવા સરકારના વિવિધ વિભાગો પણ ગંદકી ઉલેચવા એક્ટીવ મોડમાં છે. તેમાંય વાઈબ્રન્ટ સમિટની ઈવેન્ટ માથે ગાજતી હોવાથી નગરને હાલ સ્વચ્છ અને સુંદર બનાવવા સહયારો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. પરંતુ આ મહા અભિયાનના અંતે પણ વન વિભાગ આરક્ષિત જગ્યામાં હજુ ઉકરડા યથાવત છે. મુખ્યમાર્ગો આસપાસ સ્થિત ફેન્સીંગવાળા વિસ્તારમાં સફાઈના નામે મીંડુ છે. જેના પરિણામે મુખ્યમાર્ગોની સફાઈ અને રંગરોગાનના અંતે પણ સરવાળે ગંદકીનું વરવુ ચિત્ર યથાવત છે. સ્વચ્છતા અભિયાનથી વેગળા વનવિભાગના તંત્રએ આ વાતની જાણે ઐસીતૈસી કરી દીધી છે !! જ્યારે આગામી વાઈબ્રન્ટ સમિટને વેલકમ કરવા સમગ્ર શહેરને વાઈબ્રન્ટ લૂક આપવા તડામાર કામગીરી ચાલી રહી છે. પરંતુ આ સઘળી સ્થિતિ વચ્ચે વનવિભાગની નિરસતા તાદૃશ્ય બયાન થઈ રહી છે !!

સ્વચ્છ ભારતના અભિયાન અન્વયે શહેરમાં સફાઈના મામલે તંત્ર સફાળુ જાગ્યું છે. દાયકાઓ બાદ નગરમાં ગંદકી ઉલેચવા નક્કર કામગીરી થશે તેવી આશા આમનાગરિકોમાં જન્મી છે. બીજીતરફ વાઈબ્રન્ટ ગુજરાતના ઓવારણા લેવા પણ સમગ્ર તંત્ર ઉત્સુક બન્યું છે. જેના પગલે શહેરને સ્વચ્છ અને દબાણમુક્ત બનાવવા અભિયાન હાથ ધરાયું છે. આ ઉપરાંત બ્યુટીફીકેશનના કામો પણ શરૂ કરી દેવાયા છે. આ સઘળી સ્થિતિ વચ્ચે હરિયાળીથી ઘેરાયેલા ગ્રીનસીટીમાં સોંકડો પ્રશ્નોને સાચવવાની જવાબદારી જેના શીરે છે તેવા વન

● અનુસંધાન પાન-૭ પર

# આગામી સત્રથી હિંમતનગરમાં મેડિકલ કોલેજ શરૂ થશે

## કોલેજના ઈન્સ્પેકશન માટે મેડિકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયામાં અરજી પણ કરવામાં આવી

ગાંધીનગર, તા.૫

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે આગામી શૈક્ષણિક સત્રથી મેડિકલ કોલેજ કાર્યરત થાય તે દિશામાં ગંભીરતાથી પ્રયાસો હાથ ધરાયા છે અને આ કોલેજના ઈન્સ્પેકશન માટે મેડિકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયામાં અરજી પણ કરી દેવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આ મેડિકલ કોલેજ માટે ૧૦૦ બેઠકોની માંગણી કરવામાં આવી છે.

આરોગ્ય વિભાગ સાથે સંકળાયેલ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ સિધ્ધપુર, હિંમતનગર અને જુનાગઢમાં મેડિકલ કોલેજો ઝડપથી કાર્યરત થાય તે માટે સરકારે લીલી ઝંડી આપી દીધી છે.

મળતી વિગતો પ્રમાણે સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર મેડીકલ કોલેજ માટે જમીનની નિમણુંક પણ કરી દેવામાં આવી છે. આ કોલેજનું સંચાલન પણ જીએમઈઆરસીને જ સોંપવામાં આવનાર છે. હાલ આ સોસાયટી રાજયમાં પાંચ મેડિકલ કોલેજોનું સંચાલન કરી રહેલ છે. હિંમતનગર મેડિકલ કોલેજ માટે એક-બે માસમાં કાઉન્સીલની ટીમ ઈનસ્પેકશન માટે આવી પહોંચે તેવી શકયતાઓ છે.

# સિવિલમાં આજે સ્વચ્છતા અભિયાન

## રાજ્યના મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં તબીબો અને કર્મચારીઓ સ્વચ્છતાના શપથ લેશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સહિત જિલ્લાના આરોગ્ય ધામોમાં આજે સ્વચ્છતા અભિયાનનો શુભારંભ સવારે ૮ વાગે થશે.

રાજ્યકાએથી એક મંત્રીશ્રી આ અભિયાનનો આરંભ કરાવવા માટે ખાસ હાજરી આપશે. સવારે ૮ વાગે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સંકુલમાં તબીબી અધિકારીઓ સહિતના કર્મચારીઓ આ અભિયાન અંતર્ગત સ્વચ્છતાના શપથ લેશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લાના તમામ પદાધિકારીઓ પણ જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લેશે.

આ અભિયાનમાં જિલ્લા કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી તેમજ જિલ્લાના અન્ય ઉચ્ચ અધિકારીઓ પણ જોડાશે.

આ સ્વચ્છતા અભિયાનને લઈ આરોગ્ય તંત્ર ખુબ જ ગંભીર બન્યું છે. અગાઉ પાંચ 'એસ'નું સ્લોગન અપાયુ હતુ. હવે આ અભિયાને આજથી વધુ સઘન બનાવવામાં આવનાર છે.

રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ અમદાવાદ ખાતે આ અભિયાનનો આરંભ કરાવનાર છે.


Vibrant GUJARAT 2015 The Global Business Hub

ભૂમિપૂજન / લોકાર્પણવિધિ

CIVIL HOSPITAL Amdavad

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન

ગુજરાત સરકાર દ્વારા અનુદાનીત **યુ. એન. મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરના** અદ્યતન **પીડીયાટ્રીક કાર્ડિયોલોજી વિભાગના અંદાજે રૂા. ૧૭૦/- કરોડના ખર્ચે** નિર્મિત થનાર હોસ્પિટલ બિલ્ડિંગનું **ભૂમિપૂજન** તથા સિવિલ હોસ્પિટલ અમદાવાદના નવિન **ઈલેક્ટ્રોન માઇક્રોસ્કોપની લોકાર્પણવિધિ** તથા **મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન** અંતર્ગત આરોગ્ય વિભાગ હસ્તકની રાજ્યની તમામ હોસ્પિટલો, ગ્રાન્ટ-ઈન-એઇડ હોસ્પિટલો અને ખાનગી હોસ્પિટલોમાં સ્વચ્છતા અભિયાન નાં રાજ્યવ્યાપી શુભારંભ પ્રસંગે ઉપસ્થિત રહેવા આપ સર્વેને હાર્દિક નિમંત્રણ છે.



શ્રી નરેન્દ્રભાઈ મોદી
માન. વડાપ્રધાનશ્રી, ભારત

ગુજરાત સરકાર દ્વારા અંદાજે રૂા.૧૭૦ કરોડના ખર્ચે નિર્મિત થનાર પીડીયાટ્રીક કાર્ડિયોલોજી વિભાગમાં પ્રાપ્ત થનાર નવિન અદ્યતન સુવિધાઓ

- હાલની ૪૫૦ પથારીથી વધારીને અંદાજે ૮૫૦ પથારીની સુવિધાઓ પ્રાપ્ત થશે.
- અદ્યતન સગવડો સાથેની પીડીયાટ્રીક કાર્ડિયોલોજી / સર્જીકલ ઓ.પી.ડી.
- અદ્યતન સાધન સુવિધા સાથે પીડીયાટ્રીક કાર્ડિયાક નવા ઓપરેશન થિયેટર
- અદ્યતન પીડીયાટ્રીક કાર્ડિયો થોરાસીક રીકવરી રૂમ
- અદ્યતન પીડીયાટ્રીક કાર્ડિયાક કેથ લેબ
- રોબોટીક કાર્ડિયાક ઓપરેશન થિયેટર
- એકેડેમીક વિંગ તથા ૪૦૦ બેઠક ધરાવતું અદ્યતન ઓડિટોરિયમ
- નવિન અદ્યતન જનરલ વોર્ડ
- ગ્રીન બિલ્ડીંગ (ગ્રીહા-3 સ્ટાર રેટીંગ) હોસ્પિટલ

-: ભૂમિપૂજન / લોકાર્પણવિધિ :-



શ્રીમતી આનંદીબેન પટેલ
માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્યના વરદ હસ્તે

આ હોસ્પિટલ ખાતે વર્ષ ૨૦૧૪ જાન્યુઆરી-ઓક્ટોબર સુધીમાં વિવિધ પ્રકારના હૃદય રોગ ની અપાયેલ સારવારની વિગત

- ઓ.પી.ડી.માં આવેલ દર્દીઓ ૧,૦૩,૧૮૬
- દાખલ થયેલ દર્દીઓ ૧૮,૩૫૬
- હૃદયની પ્રોસીજર ૧૨,૬૩૯
- હૃદયનાં ઓપરેશનો ૪,૧૦૮



-: સમારંભના અધ્યક્ષ :-



શ્રી નીતિન પટેલ
માન. મંત્રીશ્રી, આરોગ્ય, તબીબી શિક્ષણ, પરિવાર કલ્યાણ, ગુજરાત રાજ્ય

-: મુખ્ય મહેમાન :-



શ્રી શંકરભાઈ ચૌધરી
માન. મંત્રીશ્રી (રાજયકક્ષા) આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ગુજરાત રાજ્ય



શ્રી અમિતભાઈ શાહ
માન. ધારાસભ્યશ્રી, નારણપુરા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પક્ષ



શ્રી પ્રદિપસિંહ જાડેજા
માન. મંત્રીશ્રી (રાજયકક્ષા) કાયદો અને ન્યાયતંત્ર (સ્વતંત્ર હવાલો), ગુજરાત રાજ્ય

સમારંભ
તારીખ : ૦૬-૧૨-૨૦૧૪, શનિવાર
સમય : સવારે ૦૭-૧૫ કલાકે

કાર્યક્રમનું સ્થળ
ડૉ. જીવરાજ મહેતા અસ્મિતા ભવન, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ-૩૮૦૦૧૬

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય



Since 1986
अभय
ISO 9001:2008
IAF
- Corporate Gathering
- Celebrations • Exhibitions
- Marriage • Reception
- Parties • Seminars

Y.A. Mansuri
M. : 9824049503
Sanjay S. Shah
P. Manubhai Medical

ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS

CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194
B/h. Videocon Factory,
Electronics Estate, GIDC,
Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292

REGD. OFFICE : B-203, Aman Flats,
Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur,
Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com
www.abhaydecorators.com



ADITYA BIRLA GROUP

લીકેજ-મુક્ત ઘરો માટે

UltraTech SEAL & DRY
Total Waterproofing Solution

Waterproofing ka champion

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭



SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE BATH FITTINGS · DR. FIXIT · C. PVC, UPVC · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com